# પ્રાંતિજ ટોલબુથ પર સ્થાનિક વાહનચાલકોની તોડ-ફોડ

## ટોલટેક્ષમાં એકાએક ત્રણ ગણો વધારો ઝીંકી દેવાયો : ટોલનાકા સંચાલકની દાદાગીરી સામે સ્થાનિક વાહનચાલકો વિફર્યા : ૧૮૦૦ થી વધુ વાહનચાલકોએ ટોલબુથ પર હંગામો કરતા તમામ કેબિનના કાચ અને સીસીટીવી કેમેરાની તોડફોડ કરી







(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નજીક નેશનલ હાઈવે પર સ્થાનિક વાહનચાલકો દ્વારા ફરી એકવાર ટોલનાકા પર હંગામો મચાવાયો હતો અને આ વખતે ટોલબુથ પર તોડફોડ પણ થવા પામી હતી. ટોલનાકાના સંચાલકની મનમાની અને પાંચથી સાત કિમી સુધીના વાહનચાલકોને ટોલટેક્સમાં મુક્તિ આપવાના મામલે ૧૮૦૦ થી વધુ વાહનચાલકોએ દેકારો મચાવ્યો હતો અને ટોલબુથની કેબિનના કાચ તોડી નંખાયા હતા. જેના કારણે પોલીસ બોલાવવી પડી હતી. આ હંગામા માટે એકાએક ટોલ ટેક્ષમાં કરાયેલો ત્રણ ગણો વધારો પણ જવાબદાર બન્યો હતો.

પ્રાંતિજ તાલુકાના કતપુર પાટીયા પાસે આવેલ નેશનલ હાઈવે પરના ટોલનાકા પર આજે સવારે ૯.૩૦ વાગ્યાથી સ્થાનિક વાહન ચાલકો દ્વારા ટોલટેક્ષમાં કરાયેલ નવા વધારાનો વિરોધ કરવા તેમજ બાજુમાં સર્વિસ રોડ બનાવવા જેમાં પાંચથી સાત કિમી સુધીના ગામોના વાહનચાલકોને ટોલટેક્ષમાંથી મુક્તિ આપવા માંગણી કરતા ચક્કાજામ કરવામાં આવ્યું હતું. આ ચક્કાજામમાં આસપાસના ગામોના ખેડૂતો સહિત અનેક વાહન ચાલકો જોડાયા હતા. લગભગ ૧૮૦૦ થી વધુ વાહનચાલકોએ ટોલનાકા તરફથી ટોલટેક્ષમાં એકાએક ઝીંકાયેલા ત્રણ ગણા વધારા માટે વિરોધ પ્રદર્શિત કર્યો હતો તેમજ છાશવારે ટોલ સંચાલક દ્વારા વાહનચાલકો સાથે કરાતા ઉદ્ધતાઈભર્યા વર્તન તેમજ અપાતી ગર્ભિત ધમકીઓના પગલે સ્થાનિક લોકોમાં ભારે રોષ પેલાયો હતો. નજીકના ગામોને વારંવાર પસાર થવુ પડતુ હોઈ ટોલટેક્ષમાંથી મુક્તિ ન અપાતા પણ સ્થાનિક વાહન ચાલકોમાં ભારે નારાજગી પ્રવર્તી રહી છે.

આજે વહેલી સવારથી જ આ વાહનચાલકોએ એકઠા થઈ ટોલ ટેક્ષમાં અમાનવીય વધારાનો વિરોધ પ્રગટ કરતા ઉગ્ર બની ગયેલા ટોળાએ ટોલનાકાની તમામ કોમ્પ્યુટર કેબિનના કાચ તોડી નાંખ્યા હતા તેમજ સીસીટીવી કેમેરાની પમ તોડફોડ કરવામાં આવી હતી. જેના કારણે લાો રૂપિયાના નુકશાનનો અંદાજ બાંધવામાં આવી રહ્યો છે. છેલ્લા પાંચેક દિવસથી આ ટોલનાકા પર સ્થાનિક વાહનચાલકોની તુ..તુ..મૈં...મૈં...એ આજે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતુ. વાહનચાલકોના ગુસ્સાનું કારણ ટોલ સંચાલક મહેશ્વરી દ્વારા વારંવાર ગ્રાહકોને બંદુકનો ડર બતાવી મહિલાઓ સાથે હોય ત્યારે પણ કરવામાં આવતી ગાળાગાળી જવાબદાર હોવાનુ પણ છે. આજની ઘટનાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા સંચાલક દ્વારા પોલીસ બોલાવાઈ હતી. જેમાં પ્રાંતિજના પીઆઈ ભરતભાઈ પટેલ કાફલા સહિત ઘટનાસ્થળે ઘસી આવ્યો હતો. આ ઉપરાંત પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ પણ ઘટનાસ્થળે દોડી આવી મામલો થાળે પાડ્યો હતો. અંતે પોલીસની હાજરીમાં ટોલટેક્સની પાવતીઓ આપી કાર્ય ચાલુ કરાયું હતું.

## વિદ્યાર્થીનીએ સાબરમતીમાં ઝંપલાવતા ભારે સનસનાટી

અમદાવાદ, તા.૪

અમદાવાદ શહેરનાં નહેરુબ્રીજ નજીકથી પસાર થતી સાબરમતી નદીમાં ઝંપલાવી એક વિદ્યાર્થીને આત્મહત્યાનો પ્રયત્ન ચકચાટ મચી જવા પામી છે. જો કે સમયસર પહોંચી ગયેલ ફાયરબ્રીગેઠની ટીમે વિદ્યાર્થીનુીને સલામતી રીતે બહાર કાઢીને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડી હતી. પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદ શહેરનાં વાડજ વિસ્તારમાં આવેલ શિવશકિતનગરમાં રહેતી એક અખબારનગરની શ્રી નાથ સ્કુલ માં અભ્યાસ કરે છે આ વિદ્યાર્થીનીએ આજે અગમ્ય કારણોસર શહેરનાં નહેરુબ્રિજ નીચેથી પસાર થતી સાબરમતી નદીમાં ઝંપલાવીને આત્મહત્યાનો પ્રયત્ન કર્યો હતો. જો કે આ ઘટનાને પગલે બ્રિજ ઉપર એકઠા થયેલ લોકોએ ફાયરબ્રીગેટને જાણ કરતા ફાયરબ્રીગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. તેમજ રેસ્કયુ ઓપરેશન હાથ ધરીને વિદ્યાર્થીને બચાવી લઈ નદીમાંથી બહાર કાઢી હતી. જો કે વિદ્યાર્થીનીને બેભાન હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.


### વડીલોને વંદન અભિનંદન



બળદેવભાઈ કે. સુથાર

(૧૯૪૩)મો.૯૮૯૮૫૮૭૩૪૦


## મોડાસા ખાતે સેલ્સ એકસાઈઝ ડયુટી અને સર્વિસ ટેકસ ડીપાર્ટમેન્ટ ધ્વારા પાંચ બિલ્ડરોને ત્યાં સર્ચ ઓપરેશન

### પાવન સીટી, ગ્રીનસીટી, ફોરમ બંગ્લોઝ અને મધુવન રેસીડેન્ડસીમાં સર્ચ ઓપરેશન હાથ ધરાયુ

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૪

અરવલ્લી જીલ્લાના મોડાસા સ્કીમોમાં બીલ્ડરો ધ્વારા કરોડો રૂપીયાનુ રોકાણ કરવામાં આવે છે એકસાઈઝ અને સર્વિસ ટેકસ ડીપાર્ટમેન્ટ ધ્વારા આજે બપોરે રૂપીયાની સેલ ટેકસની ચોરી બહાર આવે તેવી સંભાવના દેખાઈ રહી છે.







શહેરમાં આજે ભરાત સરકાર ના સેલ્સ એકસાઈઝ ડયુટી અને સર્વિસ ટેકસ ડીર્પાટમેન્ટ ધ્વારા આજે બપોરથી જ પાંચ જેટલા બીલ્ડરોને ત્યાં ૨૦ જેટલા અધિકારીઓ અને ૬ જેટલી ગાડીઓના કાફલા સાથે બીલ્ડરોને ત્યાં સર્ચ ઓપરેશન હાથ ધરાતા આજે બીલ્ડર લોબીમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

અરવલ્લી જીલ્લામાં બીલ્ડરો ધ્વારા નવિન મકાનોની અવનવી સ્કીમો બજારમાં મુકવામાં આવી છે ત્યારે આ અને આ સ્કીમોમાં કેટલાય રૂપિયાનુ કાળુ નાણુ રોકવામાં આવે છે ત્યારે આ સ્કીમોના ઓથા હેઠળ આ બિલ્ડરો ધ્વારા ઈન્કમટેક્ષ તેમજ સર્વિસ ટેકસની મોટા પાયે ચોરી કરવામાં આવી રહી છે તેવી બાતમી થોડા સમય પહેલા આયકર વિભાગને મળી હતી. ત્યારે આઈકર વિભાગ ધ્વારા પણ મોડાસાના કેટલાય બિલ્ડરોને ત્યાં સર્ચ ઓપરેશન હાથ ધરી અને કરોડો રૂપીયાની કરચોરી બહાર આવી હતી. ત્યારે આજે સેલ્સ મોડાસાના પાંચ જેટલા બીલ્ડરોને ત્યાં સર્ચ ઓપરેશન હાથ ધરતાં બિલડરોમાં નાસભાગ મચી ગઈ હતી અને આ સર્ચ ઓરેશનને લઈને કેટલાય બિલડરો ભુર્ગભમાં જતાં રહયા છે. ત્યારે હાલ આ સમાચાર લખાય છે ત્યાં સુધી સર્ચ ઓપરેશન ચાલુ હોવાનુ અધિકારીસઓ ધ્વારા જણાવવામાં આવ્યુ હતુ. ત્યારે આ સર્ચઓપરેશન મોડી રાત સુધી ચાલશે તેવુ દેખાઈ રહયુ હતુ અને આ સર્ચ ઓપરેશનમાં બિલડરો ત્યાંથી કરોડો

હાલ મોડાસાના ફોરમ બંગ્લોઝ, પાવન સીટી, મધુવન રેસીડેન્સી અને ગ્રીનસીટીમાં અધિકારીઓ ધ્વારા એક સાથે તપાસ કરવામાં આવતા અન્ય બિલ્ડરોમાં પણ ફફળાટ વ્યાપી ગયો છે. ત્યારે અધિકારીઓ ધ્વારા ન્યાયીક રીતે સર્ચ ઓપરેશન હાથ ધરાય તો બીજા બિલડરો પાસેથી પણ કરોડો રૂપિયાની ઈન્કમટેક્ષની ચોરી અને સર્વિસ ટેકસની ચોરી બહાર આવે તેવુ દેખાઈ રહયુ છે.

## યુનિવર્સિટી કેમ્પસમાંથી ગટરનાં ઢાંકણા, નળની ચોરી કરનાર પકડાયો

અમદાવાદ, તા.૪

ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં ચોરીના બનાવમાં વધારો થયો છે. ત્યારે યુનિવર્સિટીનાં સિકયોરેટીએ કેમ્પસમાંથી ગટરનાં ઢાકણા અને નળની ચોરી કરતા એક શખ્સને ઝડપીને પોલીસને હવાલે કર્યો હતો. જો કે આ અંગે યુનિવર્સિટીના વહીવટી તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની ફરીયાદ દાખલ ન કરાતા અંતે પોલીસે તે શખ્સને સોડી મુક્યો હતો.


પ્રાપ્ત થતિ માહિતી મુજબ યુનિવર્સિટી કેમ્પસમાંથી ગટરમાં ઢાંકણા અને નળોની ચોરી ચચાનો વિષય બન્યો છે. ત્યારે સિકયોરીટી દ્વારા કેમ્પસમાંથી ચોરી કરતા એક શખ્સને ઝડપી પાડવામાં આવ્યો હતો. આ શખ્સે પૂછપરછ દરમિયાન તેણે યુનિવર્સિટી કેમ્પસમાંથી ગટરનાં ઢાંકણા તેમજ ૨૨ નળોની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. જેનાં કારણે આ શખ્સને પોલીસના હવાલે કરી દેવામાં આવ્યો હતો.

પોલીસ પૂછપરછમાં પણ તેણે મોહિતી કબૂલાત કરી હતી. જો કે પકડાયેલ શખ્સ સામે યુનિવર્સિટીના સ્ટાફ દ્વારા કોઈ ફરીયાદ નોંધાવામાં આવી ન હતી. જેનાં કારણે પોલીસની હાલત કફોડી બની હતી.

ઉપરાંત આ શખ્સ પાસેથી કોઈ મુદ્દામાલ પણ આવ્યો ન હતો. જેના કારણે આ શખ્સ સામે કયો ગુનો દાખલ કરવો તે અંગે પોલીસ અધીકારીઓ મૂઝવણમાં મૂકાઈ ગયા હતા. જેનાં પગલે મોડી સાંજે કોઈપણ જાતની ફરીયાદ નોંધ્યા વિના આ શખ્સને પોલીસે છોડી મુક્યો હતો. ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં પણ યુનિવર્સિટી કેમ્પસમાં ચોરીનાં બનાવો સામે આવ્યા છે જ્યારે ચોરીની ઘટના સામે આવે છે ત્યારે થોડા સમય સુધી સિકયોરીટી કડક બનાવવાની વાતો કરવામાં આવે છે.

જો કે અંતે રાબેતા મુજબનો ઘટનાક્રમ યથાવત રહે છે. સિકયોરીટી પાછળ વિદ્યાર્થીઓ અને વાલીઓના લાખો રૂપિયાવા ધુમાડા છતાં યુનિવર્સિટી કેમ્પસમાં ચોરીની ઘટનાઓ અટકાવવામાં સફળતા મળી નથી. બીજી બાજુ યુનિવર્સિટીનાં અધિકારીઓ પણ આવી ઘટનાઓને નજર અંદાજ કરી રહ્યા હોવાનું ચિત્ર ઉપરથી રહ્યુ છે.

## શબ્દાવલી - ૫૬૩૬



### આડી ચાવી

- ૧. પડઘો, ચક (૪)
- ૪. વાયરો, હવા (૩)
- ૭. જશ, આબરૂ, પ્રતિષ્ઠા(૨)
- ૮. જપ જપવા તે (૨)
- ૧૦. શાંતિ, સુખ (૨)
- ૧૧. ધનવાન, લાખોપતિ (૪)
- ૧૨. મુશ્કેલ, કપરૂ (૩)
- ૧૪. એક ફળ (૪)
- ૧૭. બટકુ ભરવું, ડંખવું (૪)
- ૧૯. પહોંચ, રીસીપ્ટ (૩)
- ૨૦. ઝરૂખો, અટારી (૪)
- ૨૧. લહેરીલાલા (૪)

### ઊભી ચાવી

- ૧. વિજય (૨)
- ૨. તાબે, શરણે (૨)
- ૩. મેશ, અંજન (૩)
- ૫. જનતા, રૈયત (૪)
- ૬. આંગળીની કુદરતી શોભા જેવા ટેરવાના હાડકાં (૨)
- ૧૨. વશ કરવાની વિદ્યા (૫)
- ૧૩. કારીગર વર્ગનો અગ્રણી મજુર(૫)
- ૧૫. બિલાડીના ટોપ જેવો ખાદ્ય પદાર્થ(૪)
- ૧૬. મુસદ્દો, કચ્ચુલખાણ (૩)
- ૧૮. પરૂ, રોગના જંતુનાશ કરવા બનાવેલ દવા (૨)
- ૨૦. લગાર, થોડુ (૨)

### શબ્દાવલી ૫૬૩૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) ચંદરવો (૩) બુરખો (૫) જિમ (૬) કડિયો (૮) જાદુ (૯) લાસ (૧૦) ખુશામત (૧૨) મિશન (૧૪) નકર (૧૬) ડૂસકું (૧૮) નીમકહરામ (૨૧) કીડી (૨૨) તટ

**ઊભી ચાવી :-** (૧) ચંદ્રકલા (૨) રવૈયો (૩) બુમ (૪) ખોરડું (૫) જિગિશા (૩) કિસમીસ (૮) જાતક (૧૦) ખુન (૧૧) મન (૧૩) શકુની (૧૫) રકમ (૧૩) ડૂબકી (૧૭) પાકટ (૧૯) મત (૨૦) રાન

## અમદાવાદમાં સ્વાઈન ફલુના વધુ ૨૩ નવા કેસો સપાટીએ

### સ્વાઈન ફલુના પરિણામે અમદાવાદ શહેરમાં કુલ ૧૮ના મોત થઈ ચુકયા છે : સ્વાઈન ફલુને રોકવા માટે પગલાઓ

અમદાવાદ,તા. ૪

માત્ર ગુજરાતમાં જ નહી બલ્કે અમદાવાદમાં પણ સ્વાઇન ફ્લુએ જોરદાર આતંક મચાવ્યો છે. અમદાવાદમાં આજે બુધવારના દિવસે સ્વાઈન ફ્લુના ૨૩ કેસો સપાટી ઉપર આવ્યા હતા જે લોકો ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે તેમાં એકનું મોત પણ થયું છે. જાન્યુઆરી ૨૦૧૫માં અમદાવાદમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યામાં સતત વધારો થયો છે. સ્વાઇન ફ્લુના અટકાયતી પગલાના ભાગરુપે હોસ્પિટલમાં મેડકલ તથા પેરામેડિકલ સ્ટાફ દ્વારા જરૂરી કાળજી લેવામાં આવી રહી છે. અમદાવાદ શહેરના દર્દીઓની સંખ્યાના કેસ ૬૪ થયા છે જ્યારે સ્વાઇન ફ્લુથી અમદાવાદ શહેરના ૧૧ લોકોના મોત થયા છે. આવી જ રીતે અમદાવાદ શહેર બહારના દર્દીઓની સંખ્યા ૬૧ નોંધાઈ છે અને અમદાવાદ શહેર બહારના સાત લોકોના મોત થઇ ચુક્યા છે. અમદાવાદ શહેરમાં હજુ સુધી સ્વાઇન ફ્લુના કેસોની કુલ સંખ્યા ૧૨૫ નોંધાઈ છે જ્યારે અમદાવાદ શહેરમાં મોતનો આંકડો ૧૮ ઉપર પહોંચી ચુક્યો છે. આજે અમદાવાદ શહેરમાં સ્વાઇન ફ્લુના કારણે અનેક લોકો સકંજામાં આવ્યા હતા. હાલમાં અમદાવાદ શહેરમાં આવેલી સરકારી તથા પ્રાઈવેટ હોસ્પિટલોમાં ગુજરાત અને ગુજરાત બહારના સ્વાઇન ફ્લુના દર્દીઓ દાખલ થાય છે.

### આતંક યથાવત

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્વાઈન ફલુના કેસો અવિરતપણે ચિંતાજનક રીતે વધી રહ્યા છે. રાજ્યમાં સ્વાઈન ફલુથી વધુ પાંચના મોત થયા છે. આની સાથે જ મોતનો આંકડો વધીને ૫૩ ઉપર પહોંચી ગયો છે. હચમચી ઉઠેલી કેન્દ્ર સરકારે પણ ત્રણ તબીબોની ટીમ મોકલવાનો નિર્ણય કર્યો છે. જે પૈકીની એક ટીમ કચ્છની મુલાકાતે પહોંચી છે. અમદાવાદ સહિત રાજયમાંથી સ્વાઈન ફલુના શ્રેણીબદ્ધ કેસો નોંધાયા છે. તંત્રમાં પણ ભારે ભાગદોડ મચેલી છે. સાવચેતીના તમામ પગલા છતાં અમદાવાદમાં સ્વાઈન ફલુના વધુ કેટલાક લોકોના ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, પહેલી જાન્યુઆરી બાદથી ગુજરાતભરમાં સ્વાઈન ફલુના પોઝિટિવ કેસોની સંખ્યા ઝડપથી વધી છે.

### સૂચના અપાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચાલતી હોય તો આવા અધિકારી કર્મચારીઓ સામે રાજય સરકાર ફરજીયાત વય નિવૃત્તિ આપવા માટેનો નિર્ણય લઈ શકે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ ઉચ્ચ અધિકારીઓની મળેલી બેઠકમાં આ મુદ્દા અંગે ચર્ચા હાથ ધરવામાં આવી હતી. રાજય સરકારે તમામ વિભાગોને ૫૦ અથવા તો ૫૫ વર્ષની વયના તબક્કે અધિકારી કર્મચારીની કામગીરી અને કાર્યક્ષમતા અંગેની સમીક્ષા કરી આ તબક્કે અધિકારી કર્મચારીઓની સેવા ચાલુ રાખવા વિચારણા કરીને યોગ્ય નિર્ણય લેવાય તે પ્રકારની કાર્યવાહી હાથ ધરવા માટેની સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ સૂચનાઓને પગલે વિભાગો દ્વારા આગામી ટૂંક સમયમાં આ સમીક્ષાઓ શરુ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

### સુવિધાથી વંચિત

● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લામાં બેંકો નવી શાખાઓ કાર્યરત કરવાને બદલે બિઝનેશ કોરસ્પોન્ડન્ટની નિમણુંક જ આપે છે. આથી ગ્રાહકોની નોંધણી-સેવા અને તેની વિગતોની ઉપલબ્ધિને લઈ પણ પ્રશ્નાર્થો ઉભા થઈ રહ્યા છે.

બેંકો તેમની શાખાઓ કાર્યરત કરતી નથી તો બીજી તરફ ખાનગી બેંકો જે રીતે બજારમાં પ્રવેશવા માટે થનગની રહી છે તેથી આગામી દિવસોમાં બેકીંગ સેવાઓમાં પણ સ્પર્ધા ઉભી થશે તેમ સરકારનું માનવું છે.

જિલ્લામાં પહેલા ૧૩૯ ગામો એવા હતા જયાં બેકીંગ સેવા ઉપલબ્ધ ન હતી. આ પછી ૨૦૧૧ બાદ રિઝર્વ બેંક દ્વારા વારંવાર આગ્રહ ચાલુ રખાતાં હવે બિઝનેશ કોરસ્પોન્ડન્ટની નિમણુંકો આપી મૂળ વાતને અવળે પાટે ચડાવવામાં આવી રહી હોવાનું પણ લોકજીભે ચર્ચાઈ રહ્યું છે. જિલ્લામાં મોબાઈલ બેકીંગ સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે અને હજુ વધુ આવી મોબાઈલ બેકિંગ સુવિધાઓ પર વિચારણા ચાલી રહી હોવાનું બેંકોના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

### વીલેજ પ્રોફાઈલ પ્લાનીંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરીને ગામડાઓના વિકાસ માટેના આયોજન અંગે કેટલાક નિર્ણયો લેવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મંત્રીમંડળની બેઠકમાં કેટલાક વિભાગો દ્વારા આગામી વિધાનસભા સત્રમાં લાવવામાં આવનારા સરકારી વિધેયકોના ડ્રાફ્ટ રજુ કરવામાં આવ્યા હતા. જેના પર ચર્ચા વિચારણા કરીને કેટલાક સરકારી વિધેયકોને મંજુરી આપવામાં આવી હોવાનુ જાણવા મળે છે.


### જાહેર નિવિદા (હરાજી) નં.૦૧ સને ૨૦૧૪-૧૫

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરી માર્ગ પેટા વિભાગ, પંચાય આરામગૃહની પાસે, ઈડર, જી. સાબરકાંઠાની કચેરી તરફથી રસધરાવતીપેઢીઓ / ઈસમો પાસેથી અત્રેની કચેરી હસ્તક પડેલ બીન ઉપયોગી ભંગાર ઓફીસ ફર્નીચર લાકડા તથા લોખંડનું અને બીનઉપયોગગી ભંગાર કોમ્પ્યુટર - પ્રિન્ટર વિગેરે માટે જ્યાં છે ત્યાં જે તે સ્થિતિમાં હરાજીથી નિકાલ માટે સીલબંધ કવરમાં ભાવો ફક્ત રજી.પો. / સ્પીડ પોસ્ટથી એજન્સીના લેટરપેડ ઉપર લખી નીચે જણાવેલ ટેન્ડર ફી તથા બાનીન રકમનો ડીમાન્ડ ડ્રાફ્ટ તા. ૨૪-૨-૨૦૧૫ કચેરી સમય સુધીમાં અત્રેની કચેરીને કવર ઉપર 'બીનઉપયોગી ભંગાલ માલસામાન' એમ લખી મળે તે રીતે મંગાવવામાં આવે છે. ભાવપત્રક સાથે સેલ્સટેક્ષ - વેટ પ્રમાણપત્ર તથા ફોટા સાથેના આઈડેન્ટીવાળા દસ્તાવેજની પ્રમાણિત નકલ સામેલ કરવાની રહેશે. તથા શક્ય હશે તો આવેલ સીલબંધ ભાવપત્રકો તા. ૨૫-૨-૨૦૧૫ના રોજ ૧૬.૦૦ કલાકે હાજર રહેલ એજન્સીની હાજરીમાં ખોલવામાં આવશે.

સદરહુ બીન ઉપયોગી ભંગાલ ઓફીસ ફર્નીચર લાકડા તથા લોખંડનું અને બીનઉપયોગી ભંગાર કોમ્પ્યુટર - પ્રિન્ટર વગેરે કે જે અમદાવાદ ખાતે એન.એચ. સ્ટોર, વિશાલા હોટલ પાસે, જુહાપુરા રાખેલ છે. જે જ્યાં છે જેતે સ્થિતિમાં રસ ધરાવતી પેઢી / ઈસમોને કચેરીના કામકાજના દિવસો દરમિયાન જોવા મળશે.

કોઈપણ કારણ જણાવ્યા વગરકોઈપણ અથવા આવેલ બધા ભાવપત્રક / બીડનો સ્વીકાર / અસ્વીકાર કરવા માટેનો અધિકાર સક્ષમ સત્તાને / ખાતાને અબાધિત અધિકાર રહેશે. સદર હરાજીની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર જોવા મળશે.

સરકારશ્રીના વખતો વખતના નિયમો દરેક ઈસમ / ઈજારદારને બંધનકર્તા રહેશે. હરાજી અંગેની વધુ માહિતી કામકાજના દિવસો દરમિયાન કચેરીની રૂબરૂ મુલાકાત સમયે મળી શકશે. તથા ટેન્ડર રૂબરૂ સ્વીકારવામાં આવશે નહી.

| ક્રમ | ભંગા માલસામાનની વિગત | ભાવપત્રકની ફી તથા બાનાની રકમ | સીલબંધ ભાવપત્રક રજી.પો. / સ્પીડ પોસ્ટથી મોકલવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|
| ૧ | બીન ઉપયોગી ભંગાર ઓફીસ ફર્નીચર લાકડા તથા લોખંડનું અને બીન ઉપયોગી ભંગાર કોમ્પ્યુટર-પ્રિન્ટર વગેરે અમદાવાદ ખાતે એન.એચ. સ્ટોર, વિશાલા હોટલ પાસે, જુહાપુરા ખાતે જ્યાં છે ત્યાં જેતે સ્થિતિમાં | રૂ. ૩૦૦/- રૂ. ૫,૦૦૦/- | તા. ૨૪/૨/૨૦૧૫ |

ક્રમાંક ના.મા.નિ./હિંમત/૪૨૮/૨૦૧૫